## -// <u>ફોર્મ-સી</u> //-

**સદર કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક પુરાવા રજુ કરેલો છે.**

| અ.નં. | આંક | સાહેદનુ નામ | રિમાર્કસ |
|---|---|---|---|
| (૧) | ૦૬ | કાનજીભાઇ માંડણભાઇ વંશની જુબાની. | પંચ સાહેદ |
| (૨) | ૦૮ | નીલેષભાઇ કાનાભાઇ પામકની જુબાની. | પંચ સાહેદ |
| (૩) | ૦૯ | વિજયભાઇ એભાભાઇ વાઢેરની જુબાની. | પંચ સાહેદ |
| (૪) | ૧૧ | સંજયભાઇ મેણસીભાઇ સોલંકીની જુબાની. | પંચ સાહેદ |
| (૫) | ૧૨ | રોહિતસિંહ હાજાભાઇ ચાવડાની જુબાની. | ફરિયાદી |

**સદર કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.**

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૦૭, ૧૦ | મુદામાલ કબજે કર્યા અંગેનુ પંચનામુ. |
| (૨) | ૧૩ | ફરિયાદ. |

## <u>- :: ઠ રા વ ::-</u>

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૭/૧૨/૨૦૨૪ ના કલાક ૧૮/૩૦ વાગ્યે પોતાના કબજા ભોગવટાની વાડીએ ગેરકાયદેસર વગર પાસ પરમીટે દેશી પીવાનો દારૂ આશરે લીટર-૧૦, કિંમત રૂા.૨,૦૦૦/- તથા દેશી પીવાનો કાચો આથો આશરે લીટર-૩૧૫, કિંમત રૂા.૭,૮૭૫/- તથા આથો ભરવાના પ્લાસ્ટીકના કેન નંગ-૧૨, કિંમત રૂા.૪૮૦/- તથા પતરાના ડબ્બા નંગ-૫, કિંમત રૂા.૧૦૦/- તથા ભઠો ગાળવાના સાધનો જેમાં લોખંડનુ ૨૦૦ લીટરીયુ બેરલ નંગ-૧, કિંમત રૂા.૫૦૦/- તથા ઈન્ડેન કંપનીનો ૧૫ કીલોનો ગેસનો બાટલો કિંમત રૂા.૭૦૦/- તથા લીલા કલરની ચારેક ફુટની પ્લાસ્ટીકની પાઇપનો ટુકડો નંગ-૧, કિંમત રૂા.૨૦/- તથા પ્લાસ્ટીકની ગાળણી નંગ-૧, કિંમત રૂા.૨૦/- તથા ધાતુની નળી સાથે જોડેલ ગેસની પાઇપ નંગ-૧, કિંમત રૂા.૧૦૦/- તથા સ્ટીલની નળી સાથે જોડેલ થાળી કિંમત રૂા.૨૦/- તથા OPPO RENO 8 T મોડલ નં. CPH2505, IMEI

